ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃનરય/૧૧૨૦૧૭/૧૯૩૧/લ

સચિવાલય, ગાંધીનગર.

તા. 20 MAY 2017

વંચાણે લીધા :(૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ માં અધિનિયમ ક્રમાંકઃ૨૨/૨૦૧૭ નો સુધારો.

(૨) આ વિભાગનો તા.૧૧.૦૫.૨૦૧૭ નો સરખા ક્રમાંકનો અમદાવાદ મહાનગર પાલિકાને પાઠવેલ પત્ર.

પરિપત્ર :

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ.૪૯ ની પેટા કલમ(૧) ના ખંડ (ક) અને (ખ) ની જોગવાઇ અનુસાર કલમ.૪૧ હેઠળ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કર્યાની તારીખે અથવા તે પછી કોઇ વ્યકિત જમીનના ઉપયોગ અને વિકાસ માટે સમુચિત સત્તામંડળને અરજી કરે તો યોગ્ય તપાસ કર્યા પછી સત્તામંડળ પરવાનગી આપશે, પરવાનગી આપવાની ના પાડશે અથવા યોગ્ય શરતોએ પરવાનગી આપશે તેવી જોગવાઇ છે.

ઉકત જોગવાઇમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ માં અધિનિયમ ક્રમાંકઃ૨૨/૨૦૧૭ થી સુધારો કરીને કલમ.૪૯ ની પેટા કલમ (૧) ના ખંડ (ખ) માં નીચે મુજબનો ઉમેરો કરેલ છે.

"પરંતુ આવી કોઇ પરવાનગી અથવા કોઇ તે અંગેની શરત, કલમ.૪૮ ની પેટા કલમ(૨) હેઠળ મંજૂર કરેલા નગર રચના યોજનાના મુસદ્દા અને આવી મંજૂરી આપતી વખતે, સરકારના જાહેરનામા અનુસારની રહેશે."

આ સુધારા જોગવાઇના અનુસંધાને વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી સંબંધે અત્રે મળેલ રજુઆતો અને માંગવામાં આવેલ માર્ગદર્શન અન્વયે નીચે મુજબનું માર્ગદર્શન ધ્યાને લેવા આથી સર્વે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોને આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | માર્ગદર્શન |
|---|---|---|
| 1. | મુસદારૂપ નગર રચના યોજનામાં દર્શાવ્યા મુજબ જ અંતિમખંડ ફાળવવામાં આવેલ હોય. | વિકાસ પરવાનગી આપવી |
| 2. | મુસદારૂપ નગર રચના યોજનામાં દર્શાવ્યા મુજબ ક્ષેત્રફળ અને સ્થળ જળવાઇ રહે પરંતુ હદ અને માપમાં (લંબાઇ-પહોળાઇ) ફેરફાર હોય. | વિકાસ પરવાનગી આપવી |
| 3. | મુસદારૂપ નગર રચના યોજનામાં દર્શાવ્યા મુજબ કપાતનુ ધોરણ જળવાઇ રહે પરંતુ મુળખંડના હિસ્સા પડવાથી ફાળે પડતો અંતિમખંડ મુસદારૂપ નગર રચના યોજનાના સ્થળે જ ફાળવવામાં આવેલ હોય. | વિકાસ પરવાનગી આપવી |
| 4. | મુસદારૂપ નગર રચના યોજનામાં દર્શાવ્યા મુજબ કપાતનુ ધોરણ જળવાઇ રહે કે વધે તે કિસ્સામાં અંતિમખંડ મુસદારૂપ નગર રચના યોજનામાં ફાળવેલ જગ્યાએ જ ફાળવેલ હોય . | વિકાસ પરવાનગી આપવી |
| 5. | મુસદારૂપ નગર રચના યોજનામાં દર્શાવ્યા કરતાં રેવન્યુ રેકર્ડ આધારીત મુળખંડના ક્ષેત્રફળ, હદ કે માપમાં ફેરફાર થતો હોય ત્યારે કપાતની | વિકાસ પરવાનગી આપવી |



Scanned with CamScanner

| ક્રમ | વિગત | માર્ગદર્શન |
|---|---|---|
| | ટકાવારી મંજુર થયેલ મુસદારૂપ નગર રચના યોજના મુજબ જાળવી રાખીને. | |
| 6. | રસ્તારેષા(અલાઇનમેન્ટ) માં ફેરફાર થવાથી મુળખંડના ક્ષેત્રફળ, હદ કે માપમાં ફેરફાર થતો હોય ત્યારે કપાતની ટકાવારી મંજુર થયેલ મુસદારૂપ નગર રચના યોજના મુજબ જાળવી રાખીને. | વિકાસ પરવાનગી આપવી |
| 7. | અગાઉ લે-આઉટ, સબ-પ્લોટ, બાંધકામની વિકાસ પરવાનગી મેળવેલ હોય, કપાતનુ ધોરણ મંજુર મુસદારૂપ નગર રચના યોજના મુજબ જળવાઇ રહેતુ હોય. | વિકાસ પરવાનગી આપવી |
| 8. | કાયદાના અમલ પહેલાં સમુચિત સત્તામંડળ દ્વારા જેના મુળખંડમાં જાહેર હેતુ માટે ફાળવાયેલ પ્લોટનો કબ્જો મેળવી લીધેલ હોય તે મુળખંડની સામે ફાળવેલ અંતિમખંડના કિસ્સામાં. | વિકાસ પરવાનગી આપવી |

ઉપર મુજબના અર્થઘટન કરવામાં કોઇ સમસ્યા હોય તો અત્રે પત્રવ્યવહાર કરી અત્રેનુ માર્ગદર્શન મેળવવાનુ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નીલા મુન્શી)
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- મ્યુનિસિપલ કમિશનરશ્રી, તમામ મહાનગરપાલિકાઓ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ
- સર્વે કલેકટરશ્રીઓ/સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નગર પાલિકા નિયામકશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર તરફે દરેક નગરપાલિકાઓને જાણ કરવાની વિનંતી સહ.
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર તરફે વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ (૨૦૧૭).
- લ-શાખા સિલેકટ ફાઇલ(૨૦૧૭).

E:\OSD_NOTE\Section_49_NOTE.docx

Scanned with CamScanner